*If you want to fly, We provide wings...*

# ICE ®

# TRENDING CURRENT

## TOPIC 77

## Year of Awareness on Science & Health



ચર્ચામાં શા માટે ?

ઉદ્દેશ્ય વિશે :

આ કાર્યક્રમના લાભ વિશે :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-77નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ 'નેશનલ કાઉન્સિલ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલોજી કમ્યુનિકેશન' (National Council for Science & Techynology Communication-NCSTC)એ COVID-19 પર કેન્દ્રિત એક આરોગ્ય અને જોખમ સંચાર કાર્યક્રમ 'વિજ્ઞાન અને આરોગ્ય પર જાગૃતિનું વર્ષ' (Year of Awareness on Science & Health)નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

## ઉદ્દેશ્ય વિશે :

- આ કાર્યક્રમ હેઠળ COVID-19 મહામારીનો સામનો કરવા માટે કટોકટી સજ્જતા અને જરૂરી કાર્યો પૂર્ણ કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સંશોધન અને મિડિયા સંસ્થાઓને સમાવિષ્ટ કરવાની વ્યૂહરના બનાવવામાં આવી છે.
- આ કાર્યક્રમ હેઠળ જોખમી વાતચીત કરવા અને જોખમ સંચાલન સમજવા માટે અધિકૃત વૈજ્ઞાનિક અને આરોગ્ય માહિતીના અનુવાદ અને ઉપયોગની પણ યોજના બનાવવામાં આવી છે.
- નોંધનીય છે કે હાલના વૈશ્વિક મહામારીના દશ્યમાં ચિંતાઓ અને પડકારો ઉભા થયા છે. જેના કારણે વૈજ્ઞાનિક નવીનતાઓની ભૂમિકા ખૂબ મહત્ત્વની બની છે.
- આ કાર્યક્રમનો હેતુ લોકોની ધારણાઓનું મૂલ્યાંકન કરવું, લોકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવું અને જોખમ સંબંધિત આંતરવ્યક્તિ પૂર્ણ સંચાર પ્રક્રિયાઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવાનો છે.
- આ કાર્યક્રમનો હેતુ જન સંદેશાવ્યવહાર પ્રવૃત્તિઓની સહાયથી તમામ સ્તરે જોખમ ઘટાડવાનું છે.
- આ કાર્યક્રમ પરંપરા અને સ્વદેશી જ્ઞાન સાથે કામ કરતા લક્ષ્ય જૂથો વચ્ચેના જોખમને સમજવામાં સુધારણા કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS
JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- તેમજ તે સમુદાયના નેતાઓ, ડોકટરો, ધાર્મિક નેતાઓ સાથેના કાર્યકારી સંબંધમાં સુધારો કરશે.
- આ ઉપરાંત તે ગેરસમજો, ખોટી માન્યતાઓ અને વિજ્ઞાન પ્રક્રિયાઓ દ્વારા યોગ્ય રિતે પ્રમાણીત જ્ઞાન પર આધારિત પ્રણાલીઓને સ્પષ્ટ કરવાની ક્ષમતામાં સુધારો કરશે અને સામાન્ય લોકોમાં ઉકેલો અને સેવા પ્રદાતાઓની વૈજ્ઞાનિક કાર્યક્ષમતામાં આત્મવિશ્વાસ પેદા કરશે.

## આ કાર્યક્રમના લાભ વિશે :-

- આ કાર્યક્રમ આરોગ્યના સંબંધમાં નીચેના સ્તરે સુધારણા અને પ્રતિસાદને પ્રોત્સાહન આપવા માટે એક વ્યાપક અને અસરકારક વિજ્ઞાન અને આરોગ્ય સંદેશાવ્યવહાર પ્રયત્નો છે.
- તેમજ તે મોટા પાયે લોકોના જીવનને બચાવવા અને સુધારવામાં મદદ કરશે તથા તે લોકોમાં આત્મવિશ્વાસ ઉત્પન્ન  કરશે, વૈજ્ઞાનિક સ્વભાવ વધારશે અને તેમની વચ્ચે આરોગ્ય જાગૃતિને પ્રોત્સાહન આપશે.
- આ કાર્યક્રમ ક્ષમતા વધારવામાં મદદ કરશે જેમા હિસ્સેદારોનો સમાવેશ કરવા અને સમુદાયોમાં જાગૃતિની ભાવના વિકસિત કરવામાં મદદ મળશે.
- ઉપરાંત, તે લોકોને વિશ્લેષણ કરવામાં લોકોની વર્તણૂકને બદલવામાં સક્ષમ બનાવશે તથા આરોગ્ય સેવા અને તેનાથી સંબંધિત જોખમો વિશેની માહિતીના આધારે નિર્ણયો લઈ શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT